| | | |
|---|---|---|
| સ્વીકાર્યા તારીખ | : | ૧૨/૦૧/૨૦૨૪ |
| નોંધ્યા તારીખ | : | ૧૨/૦૧/૨૦૨૪ |
| જજમેન્ટ તારીખ | : | ૦૭/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ માસ દિવસ |
| | | ૧૧ ૧૧ ૧૭ |

**તિલકવાડાના મુખ્ય જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.તિલકવાડા.**

**ક્રિમીનલ કેસ નંબર : ૧૪૭/૨૦૨૪**

**આંક :**

**ફરીયાદી** : **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** :
(૧) સંજયભાઈ રમેશભાઈ ભીલ (**કબુલ**)
(૨) લક્ષ્મણભાઈ વિઠ્ઠલભાઈ ભીલ (**કબુલ**)
(૩) રવિદાસ રમણભાઈ ભીલ(**કબુલ**)
તમામ રહે.ઝરી,તા.તિલકવાડા,જી.નર્મદા
(૪) યોગેશભાઈ કનુભાઈ ભીલ (**કબુલ**)
(૫) શનાભાઈ કાળુભાઈ ભીલ
બંને રહે.ઝરી,તા.તિલકવાડા,જી.નર્મદા

**ગુન્હો** : જુગાર ધારાની કલમ – ૧૨ મુજબ

ફરીયાદપક્ષે : વિ. એપીપીશ્રી આર.બી.વસાવા
આરોપીઓ તરફે : વિ. વકીલશ્રી એસ.એસ.દિવાન

**:: જ જ મે ન્ટ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની સંક્ષપ્તિમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ તા.૨/૫/૨૦ ના ક.૧૫/૧૫ વાગે મોજે ઝરી ગામ પાછળ ખુલ્લામાં સમડાના ઝાડ નીચે પૈસા વડે પત્તા પાનાનો હારજીતનો જુગાર રમી રમતા અંગ ઝડતીના રોકડા રૂ.૧૪૨૦/-તથા દાવ ઉપરના રોકડા રૂા.૪૦૦/-તથા ગંજીફાના પત્તાપાના નંગ -૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા સફેદ કલરનું મીણીયા પાથરણુ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ રૂ.૧૮૨૦/- ના સાથે રેઈડ દરમ્યાન નં ૧,૨,૩ નાઓ જાહેરમાંથી પકડાઇ નં.૪,૫ ના ઈસમો રેઈડ દરમ્યાન નાશી જઇ,જુગાર ધારાની કલમ-૧૨ અન્વયે સજાને પાત્ર ગુનો કર્યા અંગેની ફરીયાદ, ફરીયાદીએ તિલકવાડા પોલીસ સ્ટેશને ગુ.ર.નં.સેકન્ડ ૧૧૮૨૩૦૨૫૨૦૦૨૭૭/૨૦૨૦ થી નોંધાવતા, સદર ફરીયાદના આધારે તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ સદર કામે, આરોપીઓને સમન્સની ધોરણસર બજવણી થતાં, આરોપી નં.૧ થી ૪ નાઓ કોર્ટ સમક્ષ હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૧૭૩ મુજબના પોલીસ પેપર્સ તથા ચાર્જશીટની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપીને ગુના અંગેની સમજ કરી, આરોપીઓનો ગુના અંગેનો જવાબ આંક-૩૬ થી ૩૯ થી નોંધતા, તેમાં આરોપીએ 'મને ગુનો કબુલ છે તેમ જણાવતા, તેઓએ ગુનો કબુલ કરેલ છે અને તે મુજબ તેઓ ગુના કબુલાત અંગે દંડ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ આરોપી નંબર-૫ સામે આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ રાખવામાં આવેલ.

વધુમાં સદર કામે આરોપી નં.૫ સામે વારંવાર સમન્સ વોરંટ ઈસ્યુ કરવામાં આવતા અને સમન્સ વોરંટની બજવણી ન થતા અને આરોપી નામ.કોર્ટ સમક્ષ હાજર ન રહેતા તેમજ સદર કેસ ઘણો જુનો હોય આરોપી નં.૫

ને પ્રોસેસની બજવણી થતી ન હોય ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ કેસની કાર્યવાહી આગળ ચલાવી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

(૩) સદર કામે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| અનુ.નં | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| (૧) | પંચસાહેદ સુરેશભાઈ શંકરભાઈ ભીલની જુબાની | ૪૫ |
| (૨) | પંચસાહેદ નરેશભાઈ કાંન્તીભાઈ ભીલની જુબાની | ૪૬ |
| (૩) | ફરીયાદી અરવિંદભાઈ માનસિંહભાઈની જુબાની | ૪૨ |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| અનુ.નં | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ | ૪૪ |
| (૨) | ફરીયાદ | ૪૩ |

(૪) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ, આરોપી નં.૫ સામે સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ હેઠળ કેસ ચલાવવાનો હુકમ થયેલ હોય આરોપી નં.૫ નું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) આરોપીઓના વિ.વકીલશ્રી એસ.એસ.દિવાન દલીલ કરી જણાવેલ છે કે, આ કામે તપાસવામાં આવેલ સાહેદો પોલીસ ખાતાના રસ ધરાવતા સાહેદ છે તેમજ સ્વતંત્ર સાહેદો બનાવ સ્થળેથી મળી શકે તેમ હોવા છતાં ફરીયાદી/ત.ક.અમલદારે સ્વતંત્ર સાહેદોને લીધેલ નથી અને પંચો ફરી ગયેલા છે. તે રીતે ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરી છે.

**(૬)** ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કેસના આખરી નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નંબર–પનાઓએ તા.૨/૫/૨૦ ના ક.૧૫/૧૫ વાગે મોજે ઝરી ગામ પાછળ ખુલ્લામાં સમડાના ઝાડ નીચે પૈસા વડે પત્તા પાનાનો હારજીતનો જુગાર રમી રમતા અંગ ઝડતીના રોકડા રૂ.૧૪૨૦/–તથા દાવ ઉપરના રોકડા રૂા.૪૦૦/–તથા ગંજીફાના પત્તાપાના નંગ –પર કિ.રૂ.૦૦/૦૦ તથા સફેદ કલરનું મીણીયા પાથરણુ કિ.રૂ.00/૦૦ મળી કુલ રૂ.૧૮૨૦/– ના સાથે રેઈડ દરમ્યાન નં ૧,૨,૩નાઓ જાહેરમાંથી પકડાઈ નં.૪,૫ ના ઈસમો રેઈડ દરમ્યાન નાશી જઈ,જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

**(૮)** ઉપરોકત નિર્ણયો પરત્વેના મારા કારણો, અવલોકનો અને તારણો નીચે મુજબ છે.

**:: કારણો ::**

**મુદ્દા નં.૧**

(૯) હાલના કેસમાં આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ–૧૨ અન્વયે સજાને પાત્ર ગુનાહીત કૃત્યના તહોમત અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવી છે. ફોજદારી ધારાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુંસાર ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનો ગુનો વ્યાજબી શંકારહીત પુરવાર કરવાનો રહે છે.

(૧૦) આ કામમાં ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો, આંક–૪૫ થી પંચસાહેદ સુરેશભાઈ શંકરભાઈ ભીલને આંક–૪૬ થી પંચસાહેદ નરેશભાઈ કાંતીભાઈ ભીલનાઓને તપાસવામાં આવેલ છે જે બંને પંચસાહેદો તેમની જુબાનીથી હોસ્ટાઈલ જાહેર છે અને વિ.એ.પી.પી.શ્રી તરફે ઉલટતપાસ કરવા છતાં તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. તેઓએ પંચનામામાં પંચ તરીકેની તેઓની સહી ઓળખી બતાવતા પંચનામુ આંક–૪૭ થી રજુ થયેલ છે. વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી તરફે ઉલટતપાસ નથી.

(૧૧) ત્યારબાદ,આંક–૪૨ થી ફરીયાદી/ત.ક.અમલદાર અરવિંદભાઈ માનસિંહભાઈએ સોગંદ ઉપર એવો પુરાવો આપે છે કે, તા.૦૨/૦૫/૨૦૨૦ નારોજ તેઓ તિલકવાડા પોલીસ સ્ટેશનમાં અહેકો તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તે રોજ તેઓતથા પોસઈ એ.એસ.વસાવા સાહેબ તથા એ.એસ.આઈ કાંતીભાઈ ભંગીયાભાઈ તથા અ.હે.કો અલ્પેશભાઈ વસંતરાવ તથા બીજા પોલીસ સ્ટાફના માણસો સાથે કોવિડ–૧૯ કોરોના વાઈરસ ફેલાવવા અટકાવવા લોકડાઉન ચાલત હોય તેનું પાલન કરાવવા માટે દેવલીયા ચોકડી ઉપર હાજર હતા આ દરમ્યાન પોસઈ એ.એસ.વસાવા સાહેબને બાતમીદારથી બાતમી મળેલ કે ઝરી ગામ પાછળ ખુલ્લામાં સમડાના ઝાડ નીચે ગેરકાયદેસર જુગાર રમવાની પ્રવૃતી ચાલે છે જેની તમોએ ખાનગી રાહે ખરાઈ કરાવતા

જુગારની પ્રવૃતિ ચાલુ હોવાની ખાતરી થઈ હતી જેથી નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચોને સમજ કરી બે ખાનગી વાહનમાં બેસી ઉપરોક્ત બાતમીવાળી જગ્યાએ આવતા દુરથી જોતા સમડાના ઝાડ નીચે કેટલાક ઇસમો ગોળ કુંડાળુ વળી કોઈક રમતા જણાંતા તેમને કોડન કરી તેમના ઉપર રેડ કરતા ત્રણ ઇસમો પકડાઈ ગયેલ અને બીજા ઈસમો ભાગી જવામાં સફળ થયેલા જે જગ્યાએ જુગાર રમતા હતા ત્યા જોતા વેર–વિખેર પત્તા–પાના અને પૈસા પડેલા હતા જે ગણી જોતા પત્તા પાના નંગ પર હતા અને પૈસા રોકડા રૂપિયા ૪૦૦/– હતા પકડાયેલ ઇસમોના નામ–ઠામ પુછી તેમની ઝડતી કરતા જઈ તેઓ પાસેથી જે રોકડ અને ચીજવસ્તુ મળી આવે તે પંચોને બતાવવા સમજ કરી ઝડતી કરતા નીચેની વિગતે જણાઈ આવ્યું હતું.(૧) સજયભાઈ રમેશભાઈ ભીલ રહે.ઝરી,તા તિલકવાડા,જી.નર્મદાની ઝડતી કરતા રોકડા રૂ.૬૨૦/– મળી આવતા પચનામાની વિગતે કબ્જે કરવામાં આવી હતી. (૨)લક્ષ્મણભાઈ વિઠ્ઠલભાઈ ભીલ રહે.ઝરી,તા.તિલકવાડા જી.નર્મદાનાઓની ઝડતી તપાસ કરતા તેની પાસેથી કુલ રૂ ૩૪૦/–મળી આવતા પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ હતી.(૩)રવિદાસ રમણભાઇ ભીલ રહે.ઝરી,તા.તિલકવાડા,જી.નર્મદાનાઓની ઝડતી તપાસ કરતા તેની પાસેથી કુલ રૂ ૪૬૦/પળી આવતા પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ હતી.ઉપરોક્ત પકડાયેલ ઇસમીને ભાગી ગયેલ ઇસમોના નામ પંચોની રૂબરૂ પુછતા (૧) યોગેશભાઈ કનુલાડ ભીલ (૨) શનાભાઈ કાળુભાઈ ભીલ રહે.ઝરી,તા. તિલકવાડા,જી.નર્મદાના હોવાનું જણાય છે જે બદલનું વિગતવારનું પંચનામું કલાક ૧૪/૩૦ થી કલાક ૧૫/૧૫ સુધીનું કરવામાં આવેલ છે. જેથી ઉપરોક્ત પકડાયેલ ત્રણ ઈસમોની અંગ ઝડતી દરમ્યાન મળેલ રોકડા રૂ.૧૪૨૦/– તથા દાવ ઉપર લગાડેલા રોકડા રૂ.

૪૦૦/− મળી કુલ રોકડા રૂ.૧૮૨૦/− તેમજ પત્તા પાના નંગ−પર કિ રૂ શુન્યનું મળી આવતા કબજે કરેલ હોય તેઓની તેમના વિરુધ્ધ જુગારધારા કલમ ૧૨ મુજબ કાયદેસર ફરીયાદ તેઓએ પોસઈ એ.એસ.વસાવા સાહેબ નાઓ રૂબરૂ આપેલ. જે અસલ ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક−૪૩ આપવામાં આવેલ છે. ત્યારબાદ પીએસઓ રાજેશભાઈ દેવનભાઈએ ગુનો નોંધી ગુ.ર. નં. ૧૧૮૨૩૦૨૫૨૦૦૨૭૭/૨૦૨૦ મતલબનો ગુનો નોંધી સદર કામની આગળની તપાસ તેઓને સોંપેલ. ત્યારબાદ સદર કામે આક−૪૪ વાળુ પંચનામુ તા.૦૨/૦૫/૨૦૨૦ ના રોજ કલાક ૧૪/૩૦ થી કલાક ૧૫/૧૫ સુધીનુ તેઓની અને પંચો રુબરૂ કરેલ જેમાં પંચો (૧) સુરેશભાઈ શંકરભાઈ તથા (૨) નરેશભાઈ કાંતીભાઈ રૂબરૂમાં કરેલ જેમાં તેમની અને પંચોની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ.આરોપીને અટક કરીને જામીન પર તા.૦૩/૦૫/૨૦૨૦ નારોજ કરેલ. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં સમયમર્યાદામાં ચાર્જશીટ કરેલ.તેઓ આરોપીને જોયેથી ઓળખે છે.જે આજ રોજ નામ કોર્ટમાં હાજર નથી. સદર કામે આરોપી નંબર − ૦૫ વિરુધ્ધ સીઆરપીસી કલમ ૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ હોય જેથી કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૨)** આ કામે આંક−૪૫ અને આંક−૪૬ થી તપાસેલા પંચસાહેદો આંક−૪૪ ના મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચનામાની કોઈ જ હકીકતને સમર્થનકારક પુરાવો આપતા નથી. આમ તપાસવામાં આવેલ સાહેદ કે જેઓ પોલીસ સાહેદ છે, તેઓના પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળેલ નથી તેમજ કબજે કરેલ મુદ્દામાલ જુગાર રમવા

માટેનો હતો તેવું પણ પુરવાર થયેલ નથી. તેથી માત્ર તપાસવામાં આવેલ સાહેદ કે જેઓ પોલીસ ખાતાના છે, તેમના પુરાવા પર આધાર રાખી શકાય તેમ નથી, કારણ કે તેઓ પોલીસ સાહેદ છે, જેથી આરોપીઓને પ્રિઝયુડાઈઝ થવાનો સંભવ રહેલો છે.

(૧૩) વધુમાં આ કામે સદર કેસનુ રેકર્ડ જોતાં પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. આ કામે અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી. મુળ આ કામે જે મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે તે આરોપીઓ પાસેથી જ કબજે કરવામાં આવેલ છે તેવી હકીકત પંચનામાના પંચસાહેદોએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી જેથી આરોપીઓ સામેનો કેસ સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિશંકપણે નિષ્ફળ નિવડેલ છે.

(૧૪) આમ,આ કામે હાલના ફરીયાદીનો પુરાવો ઘ્યાને લેવામાં આવે તો આ કામે હાલના આરોપીઓ પાસેથી કોઈ જુગારનુ જ સાહિત્ય પકડાયેલ છે કે કેમ તે બાબતે કોઈ નકકર હકકીત ફલીત થતી નથી. ત્યારે આ કામે આરોપીઓ ઘ્વારા જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો ગુનો પુરવાર કરતી કોઈ નકકર હકીકત ફરીયાદપક્ષ સાબિત કરવામાં નિષ્ફળ જતા હોઈ આ કામે આરોપીઓને જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુનાના કામેથી નિર્દોષ ઠરાવવા ન્યાયોચિત જણાય છે તેમજ હાલના કામે ફરીયાદપક્ષ પંચનામુ સાબિત કરી શકેલ નથી જેથી આવો કોઈ મુદ્દામાલ આરોપીઓ પાસેથી કબજે કરેલ છે કે કેમ તે પુરવાર થતુ નથી અને માત્ર રેકોર્ડ ઉપરના પંચનામા અને દસ્તાવેજોને આધારે આરોપીને સજા કરવી તે યોગ્ય જણાઈ આવતુ નથી.

(૧૫) સબબ ઉપરોકત ચર્ચાને અંતે ફરીયાદપક્ષ આ કામના આરોપીઓ સામેનો કેસ વ્યાજબી શંકારહીત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ

નિવડયા છે તેમ અત્રેની કોર્ટનું માનવુ છે અને આથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી,ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આ ખ રી હુ ક મ ::

**(૧)** આરોપી નંબર–૦૫ શનાભાઇ કાળુભાઇ ભીલ, રહે. ઝરી,તા.તિલકવાડા,જી.નર્મદાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**(૨)** સદર કામે મુદ્ધામાલ પાવતીમાં જણાવેલ નિર્દીષ્ટ નાણાં સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે તેમજ બાકીના મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩)સદર કામે આરોપી નંબર–૦૫ વિરુધ્ધ સીઆરપીસી કલમ ૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ હોય જેથી આરોપીના કલમ ૪૩૭–એ મુજબના કોઇ જામીન લેવામાં આવેલ નથી અને અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ–૭મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૭/૦૩/૨૦૨૬ **(એમ.એલ.ચોથાણી)**

સ્થળ : તિલકવાડા મુખ્ય જયુડીશીયલ મેજીસ્ટ્રેટ

ફર્સ્ટ કલાસ, તિલકવાડા.

જીજે૦૧૪૩૮